## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**હા સૌને પ્રેમ કરવા લીધો તો મેં જનમ,**
**વચમાં તમે જરાક વધારે ગમી ગયાં !**

**- મરીઝ**

### પાથેય

**- રમેશ ઠક્કર**

## એક અનોખું ગણિત

ગમવાનું કોઈ ચોક્કસ ગણિત હોતું નથી.પ્રેમ કદાચ પ્રથમ નજરનો હોઈ શકે પણ ગમવાની બાબતમાં થોડીક અલગ વાત છે.આપણે ઈચ્છીએ તો કોઈપણ ચીજને પ્રયત્નપૂર્વક મનગમતી કરી શકીએ છીએ.ગણવાની બાબત માણસના અભિગમ ઉપર આધારિત હોય છે.આપણા એક ગુજરાતી કવિ કહે છે કે જગતમાં એકકેય એવું ફુલ નથી કે જે મને હો ના ગમ્યું ! આ હકીકત માત્ર પુષ્પને તમામ ચીજોને લાગુ પડે છે.

કોઈ પ્રશ્ન કરે કે માણસને સૌથી વધારે શું ગમે ? તો એનો જવાબ એ હોઈ શકે કે માણસની સૌથી પહેલી પસંદ એ પોતે જ હોય છે ! આપણને સહુને આપનું પોતાનો જ દેખાવ ગુણ કે વિચારો ગમતા રહે છે.એ એટલી હદ સુધી કે ઘણા માણસો તો માનસિક રોગની કક્ષાએ પહોંચી જાય છે.એક રાજકુમારની વાર્તામાં આવતું એમ એને પોતાનો ચહેરો એટલો ગમતો કે એ આખોદિવસ એક તળાવના સ્વચ્છ જગતમાં પોતાનું પ્રતિબિંબ જોયા કરતો..એના ઉપરથી શબ્દ આવ્યો 'નાર્સિઝમ'..!પોતાના જ પ્રેમમાં પડવાની આ બિમારી થોડા ઘણા અંશે તમામ લોકોના જોવા મળે છે.

સામાન્ય રીતે આપણે સહુ એવું માનીએ છીએ કે માણસને સુદર દેખાવ સુખ સગવડો કે પ્રસિધ્ધિ ગમતાં હોય છે.કેટલાકને પોતાની પ્રશંસા ગમતી રહે છે.ઘણાને નામના કમાઈ જવાનો ગજબ મોહ હોય છે.એશઆરામ એ બધાને ગમતી વાત છે.આપણા સહુના પ્રયત્નો પણ એ જ દિશામાં થતા રહે છે.આ હકીકત હોવા છતાં માણસ પોતાનો કમ્ફર્ટ ઝોન ત્યાગીને અવનવાં સાહસ કરતો રહે છે એ પણ આશ્ચર્યજનક બાબત છે..જોખમી સ્પર્ધાઓ એડવેન્ચર્સ નવાં સાહસ કે રખડપટ્ટી એ પણ ઘણાને માટે આનંદદાયક બની જાય છે..કેટલાકને પ્રચલિત સુખની ફોર્મ્યુલાથી જ સંતોષ થઈ જાય છે પણ ઘણા એવા હોય છે કે એમને ખતરાથી ખેલવામાં જ ખરી મજા આવતી હોય છે.

આપણી નજર સામે દરેક ક્ષેત્રના સફળ અને નિવડેલા માણસો એક નકશાની માફક ફેલાયેલા હોય છે.આપણે લતા મંગેશકર જેવા ગાયક થવું છે.ધોની જેવા ક્રિકેટર થવાની ઈચ્છા હોય છે કે વિવેકાનંદ જેવા જગપ્રસિદ્ધ વ્યકિત થવું હોય છે પણ ઈશ્વરે આવી શકિતઓ અમુક લોકોમાં જ મૂકી હોય છે..ગમતું ના થવાય તો ગમતાની એકાદ ઝલક આપણે ધારીએ તો મેળવી જ શકીએ.માણસ દેખાવડો ના હોય તો ઘાટીલો હોઈ શકે..આપણું ગળું મીઠાશ ના ધરાવતું હોય તો પણ આપણે કદાચ સારા ગીતો લખી શકતા હોઈએ..આપણે વર્લ્ડ કલાસ ક્રિકેટર ના બની શકીએ પણ નાની કક્ષાની સ્પર્ધામાં નામ કાઢીને પણ ઘણા બધા લોકોનું મનોરંજન કરી શકીએ.ઘણા માણસો ખુમારીથી કહે છે એમ 'હમ કાલે હૈ તો કયા..દિલવાલેં હૈ ! '..કહેવાય છે કે માણસનું સાચું સૌંદર્ય એના આત્મામાં છુપાયેલું હોય છે..કોઈની સાથે આત્મીય બનીને વાત કરીએ ત્યારે જ એની છૂપી સુંદરતા પ્રગટતી હોય છે.

ઘણીવાર આપણે આપણી પોતાની વાતમાં એટલા બધા મકકમ હોઈએ છીએ કે સામેની વ્યકિતની સારી બાબત જોઈ શકતા જ નથી..કોઈકની સાપને પામવા આપણે એની સાથે સદભાવથી પેશ આવવું પડે છે.પહેલી નજરે જ જે માણસ સાથે આપણી અનબન થઈ જાય એ આપણા અણગમાનો ભોગ બની જાય છે..ગમવાના ગણિતની ફોર્મ્યુલા અલગઅલગ હોય છે.જે માણસ નિખાલસ હોય કે સરળ હોય એને બધું જ સરસ લાગતું હોય છે ઘણા એવા હોય છે કે એ લોકો સતત સામેની વ્યકિતની કદરૂપી સાઈડને જ સતત જોતા રહે છે..એ લોકો પાણીમાંથી તો ઠીક ઘણીવાર દૂધમાંથી પણ પોરા કાઢતા રહે છે..તમે કોઈને ગમાડો અથવા કોઈ ચીજને પ્રેમ કરો એટલે એક જાદુ થયો હોય છે..એ વખતે સામેની ચીજ કે વ્યકિતની સૌથી સારી બાબત પ્રગટ થઈ જાય છે..અને એ પછી એકમેક માટેનો સ્નેહ આપોઆપ પ્રસ્થાપિત થઈ જાય છે..'કલાપી' એ કદાચ એટલે જ કહ્યું છે કે 'સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે ! ' આ બાબત ગમા અણગમા માટે પણ એટલી જ સાચી છે !

# યુદ્ધ બંધ થવું જોઈએ

### તંત્રીસ્થાનેથી...

કુંતીએ ભલે પાર્થને બાણ ચડાવવાનું કહ્યું હોય અને યુદ્ધમાં જ કલ્યાણ જોયું હોય, પરંતુ યુદ્ધ કયારેય કલ્યાણકારી હોતું નતી. રામરાવણના યુદ્ધમાં એકલો રાવણ થોડો હણાયો હશે ? લંકાની પથારી ફરી ગઈ હશે. મહાભારતનો અંથ તો બહુ જાણીતો છે - જેના માટે જીવવું ગમે એવા વિજેતાઓના વારસદારો શહીદ થઈ ગયા હતા. પાંડવોના તમામ પુત્રો અને તમામ કૌરવોનો ભોગ લેનાર યુદ્ધની ઉપલબ્ધિ શું હતી ? પણ જયારે અહંકાર ટકરાય છે ત્યારે યુદ્ધ અનિવાર્ય બની જાય છે. યુક્રેન અને રશિયાનો અહંકાર ટકરાયો એથી વિશ્વ આખું યુદ્ધનો વિરોધ કરતું હોવા છતાં યુદ્ધ થઈને રહ્યું. પછી તો પેલી જાણીતી કહેવત જ સાચી ઠરે છે : 'એવરી થિંગ ઈઝ ફેર !' પરંતુ શું બે નેતાઓ કે બે રાષ્ટ્રોના અહંકાર પાછળ નિર્દોષ પ્રજાજનોનો ખુરદો નીકળી જાય એ પણ 'ઝાયઝ' છે ? હરગિજ નહીં, અખંડ સોવિયેત રશિયાનું સપનું સેવવું એ ખોટું નથી, અખંડ ભારતનું સપનું પણ દરેક ભારતીય સેવી જ શકે : પણ એ સિદ્ધ કરવા લોહી વહેવડાવવું એ તો નર્યું 'પાપ' જ લેખાશે. રાષ્ટ્રપતિ પુનિત પાસે વિનાશકારી બોમ્બ છે. ઉત્સાહમાં આવી જઈ એ બોમ્બ ઝીંકી દેશે તો યુક્રેનનો કચ્ચરઘાણ નીકળી જશે. પછી જે એમના હાથમાં આવશે એ તો યુક્રેનની હાજપિંજર બની ગયેલી જમીન જ હશે. રશિયન સૈનિક સામે હિંમતભેર ઘુંકારિયા કરતી યુક્રેનિયન મહિલાની હિંમતને જરૂર દાદ આપીએ, પણ રશિયા જેવી રાક્ષસી તાકાતને નાથવા માટે તો અમેરિકાની સેના કે નાટોનાં દળો જ ચાલી શકે. એકલા હાથે અભિમન્યુની જેમ યુક્રેન ઝીલી ઝીલીને કેટલી ઝીંક ઝીલી શકશે ? યુક્રેનના વડાએ નાટો અને અમેરિકા ઉપરાંત ભારત સુધી ગુહાર લગાવી જોઈ છે. કોઈએ મદદ કરી નથી. ઊલટાનો યુનોમાં રશિયા વિરુદ્ધ પ્રસ્તાવ આવ્યો એમાં હાજર રહેવાની પણ ભારત તો હિંમત નથી કરી શક્યું. એની તટસ્થતાનો છેડ ઊડી ગયો છે. અમેરિકાને વહાલા થવાની કે રશિયાને અળખા થવાની તાકાત મોદી નામના વૈશ્વિક કક્ષાના નેતામાં તલભાર નથી એની પ્રતીતિ દુનિયાને થઈ ગઈ છે. કોંગ્રેસી સાંસદ અને યુનોના મહામંત્રીની ચૂંટણી લડી ચૂકેલા શશી થરુરે આ મુદ્દે જે ટિપ્પણી કરી છે તે દાદ માગી લે છે. ભારતે યુદ્ધનો, આક્રમણનો વિરોધ કરવાની હિંમત દાખવવી જોઈતી હતી. રશિયાને નારાજ કરવાનું ભારતને પોસાય એમ નથી. પણ તો પછી અમેરિકા પાસે હવે કેવી રીતે મૈદીદાવો કરી શકશો ? તટસ્થ વલણ પણ શાબ્દિક રીતે વ્યક્ત કરી શકાયું હોત. આ તો ચીન અને આરબ રાષ્ટ્રોની પંગતમાં નીચી મૂંડીએ બેસી જવા જેવું વલણ અપનાવીને દેશની આબરૂ ઓછી જ કરી ગણાશે. પુતિનની ચિંતા પણ સકારણ નથી : પાડોશી રાષ્ટ્ર નાટો સાથે જોડાય અને અમેરિકાનું બગલબચ્ચું બની રશઈયા માટે જોખમ ઊભું ન કરે એ કારણસર એમણે રશિયા તરફી યુક્રેનના પ્રદેશોને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપી દીધી છે. એ પણ એમણે ત્યાં જ અટકી જવાની જરૂર હતી એમ નથી લાગતું ?

# આ એક દિવસની ઉજવણીથી ચાલે એવું નથી!

**આરપાર**
**રાઘવજી માધડ**

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન નિમિતે, સોશ્યલ મીડિયા છલકાઈ કે ઉભરાઈ જાય એટલી મોટી માત્રામાં મેસેજ આવ્યા. તેમાં વિવિધ કવિ, સર્જકો,ચિંતકોના અવતરણો ને કાવ્યકણિકા દ્વારા માતૃભાષા ની મહત્તા સાથે જે લાડ લડાવવામાં આવ્યા તે વાંચી, જાણી ખરેખર રાજી રાજી થઈ જવાય એવું હતું !

માતૃભાષાનો પ્રશ્ન સમગ્ર વિશ્વને ચિંતા ઉપજાવી રહ્યો છે. વિશ્વમાં પણ ઘણી લોકબોલી અને ભાષા ઓ લુપ્ત થઈ ગઈ છે અને થઈ જવામાં પણ છે.તેથી સર્જક,ચિંતક ગુણવંત શાહ કહે છે,એક ભાષા મરે છે ત્યારે સમગ્ર સંસ્કૃતિ અને સંસ્કારિતાનું મૃત્યુ થાય છે.વરસો પહેલા રાજાશાહીના યુગમાં પણ કવિ દલપત રામને રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ થવું પડ્યું હતું. નર્મદે પણ કહેવું હતું :મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી પણ મને કડકડાટ ગુજરાતી બોલતા આવડવાનો ગર્વ છે.પણ નર્મદ આજે હયાત હોતતો આવું બોલતા પહેલા સોવાર વિચાર કરત.હાલ સ્થિતિ જુદી છે. મોટાભાગે અંગ્રેજી કે ગુજરાતી ફાંકડું અને કડકડાટ બોલી શકવાના પ્રશ્નો તીર તાણીને ઊભા છે. કારણ કે આજે ભાષામાં બાવાના બેઉ બગડ્યા જેવું થયું છે. તેમાં આપણી દેવભાષા સંસ્કૃતના કથન, ભાષણ વિશે તો કંઈ કહેવા જેવું જ નથી !

આપણે વાર-તહેવાર કે કોઈ ખાસ દિવસની ઉજવણી કરવામાં માહેર છીએ.ધડબડાટી બોલાવી દઈએ છીએ.પણ અગત્યની બાબતની ઉજવણીથી સમજ,જાણકારી સાથે લોકોની સામેલગીરી થાય છે, જાગૃતિ આવે...આ બધું ખૂબ જરૂરી છે.પણ જ્યાં સઘળું સળગી રહ્યું હોય ત્યાં માત્ર ફૂંક મારી ઠારવાનો પ્રયા સ કરવાથી ચાલે એવું નથી.માતૃભાષાનું સઘન અને સતત કામ થાય અને થતું રહે તે માટે કાર્યશીલ થવા ની અતિ આવશ્યકતા છે.માતૃભાષા વાણી સાથે વ્યવહારમાં પણ આવવી જોઈએ.આપણે સૌ,ખાસતો શિક્ષિત લોકો 'ગુજલિશલ્લના ગાડરિયા પ્રવાહમાં તણાઈ રહ્યા નહીં પણ તણાઈ ગયા છીએ. દિવસભરના સંવાદ, વાત ચીતમાં કેટલાં ગુજરાતી શબ્દોનો ઉપયોગ કરીએ છીએ ! તેમાં સાચા-ખોટા શબ્દની પીંજણમાં પડવા જેવું જ નથી. માતૃભાષા ઘરેલું બને,વ્યક્તિની વાણી અને વ્યવહારમાં આવે ત્યારે ગુજરાતી હોવાનો ગર્વ લેવાનું યોગ્ય ગણાય ને જણાય. અન્યથા વાંઝીયો ગર્વ લેવા, ઉઘરાવવાનું જીભ કે કાનને હવે પરવડવું ન જોઈએ.

માતૃભાષાના શિક્ષણના પ્રશ્નો પણ પજવે એવા છે. આજે અંગ્રેજી માધ્યમની ધખના વધી છે. એક વીસમી સદીમાં આંતરરાષ્ટ્રીય ભાષાનું શિક્ષણ મળવું જ જોઈએ.પણ માતૃભાષાના ભોગે નહીં. વર્ગખંડોમાં ગુજરાતીનું જે શિક્ષણ થાય છે તે ભાષાશિક્ષણને ન્યાય આપનારું હોવું, થવું જોઈએ. એકતો પ્રાદેશિક બોલીનો પ્રભાવ સૌના સ્વભાવમાં છે.શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંવાદમાં અડચણ થાય છે તેમાં અન્ય વિષયો ના ભારણ તળે ગુજરાતીને સાવ ગૌણ ગણવામાં આવે છે.કોઈએ ગુજરાતી ટ્યુશન રાખ્યું હોય એવું નથી બનતું... તેનો અર્થ સમજવા જેવો છે.છેલ્લા વરસોના બોર્ડના પરિણામો જોવા જેવા છે-માતૃભાષાના ઉતિર્ણ ન થયા હોય એવાં વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણમાં ઘણી મોટી હોય છે.જ્યાં પાયો જ કાચો રહી જતો હોય ત્યાં ટકાઉ કે મજબુત ઈમારતની અપેક્ષા રાખી ન શકાય. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિશેષ સ્પષ્ટ કર વામાં આવ્યું છે-વિદ્યાર્થીઓને તેમની માતૃભાષા કે સ્વભાષામાં શિક્ષણ મળવું જોઈએ.અહીં પુરક બાબત પણ નોંધવા જેવી છેકે અન્ય સાક્ષરી વિષયોનું માધ્યમ માતૃભાષા હોય છે. જો માતૃભાષાના શિક્ષણમાં કચાશ રહેતો અન્ય વિષયો પર તેની ધારી કે સારી અસર પડે નહી. અન્ય ભાષા સારી પેઠે શીખવી હોય તો પણ માતૃભાષા શીખવી, આવડવી અનિવાર્ય છે.

માતૃભાષા દિન નિમિતે આપણે દિલ બાગબાગ થઈ જાય એટલા અવતરણો સાથેની શુભેચ્છાઓથી ગદગદિત થઈ જવાયું. પણ આ માત્ર એક દિવસની ઉજવણીથી ચાલે એવું નથી ! માતૃભાષા સંવર્ધન માટે આપણે જ્યાં હોઈએ ત્યાંથી, જે થઈ શકે તે કરી છૂટવું જોઈએ.

**છેલ્લે :**

બાપ ગુજરાતીને માતા બંગાળી હોય તો તેની માતૃભાષા કઈ ગણવી !?

(વ્હોટ્સએપ)

### દિન મહિમા

- વર્લ્ડ એનજીઓ ડે.
- એક મહાન ભારતીય ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની પુણ્યતિથિ.

આજનું

### ઔષધ

- લીમડાના કુણા પાનની ચટણી મીઠું નાખી ખાવાથી તાવ ઊતરે છે.

### ખડખડાટ

- શિક્ષક : એક વર્ષમાં કેટલી રાત્રિ હોય છે?
  વિદ્યાર્થી : ૧૦ રાત્રિ.
  શિક્ષણ : કઈ રીતે?
  વિદ્યાર્થી : ૯ નવરાત્રિ અને ૧ શિવરાત્રી
  શિક્ષક : સાબાશ નાલાયકો....!

આજનો

### વોટ્સએપ

- રાત સવારની રાહ નથી જોતી
  ખુશ્બુ ઋતુની રાહ નથી જોતી
  જે પણ ખુશીથી મળે દુનિયામાં
  એને શાનથી સ્વીકારી જો
  કેમ કે, ઝીંદગી સમયની રાહ નથી જોતી.

# આવો, આર્થિક દૃષ્ટિએ ૨૧મી સદીને ઓળખીએ

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આજના યુગની આપણી આર્થિક વિભાવના અને પરિસ્થિતિ બન્ને જુદી જુદી રીતે બદલાઈ રહી છે. જે અગાઉના વર્ષોમાં હતું તે આજે નથી. અને જે આજે છે તે આવનારા વર્ષોમાં નહીં હોય. યુગ બહુ ઝડપથી બદલાઈ રહ્યો છે. પરંતુ આપણે તેટલી ઝડપથી બદલાઈ શકતા નથી પરિણામે સમાજ સાથે આપણે સતત સંઘર્ષ કરવો પડે છે. ખાસ કરીને જ્યારે આર્થિક બાબત આવે છે ત્યારે. કેમ કે પહેલા જે યુગ પચીસ પચાસ વર્ષે બદલાતો હતો તે યુગ આજે દર વર્ષે બદલાઈ જાય છે. પરંતુ આટલી ઝડપથી આપણે આપણી માનસિકતા બદલી શકતા નથી. અને પરિણામે આપણે જે સ્થિતિમાં વર્ષોથી છીએ એ જ સ્થિતિમાં રહીએ છીએ. આગળ વધી શકતા નથી. સમાજ સાથેના, બગડતી આર્થિક સ્થિતિ સાથેના સંઘર્ષની માત્રા વધતી રહે છે. અને અમુક વર્ષો પસાર થતા આપણે આપણી મધ્યમવર્ગીય પરિસ્થિતિથી ટેવાઈ જઈએ છીએ. કારણ કે બદલાતી સામાજિક સ્થિતિ કે આર્થિક નીતિને આપણે સ્વીકારી શકતા નથી. જે કામ આપણે દસ શકતા નથી. સમાજ સાથેના, બગડતી આર્થિક સ્થિતિ સાથેના સંઘર્ષની માત્રા વધતી રહે છે. અને અમુક વર્ષો પસાર થતા આપણે આપણી મધ્યમવર્ગીય પરિસ્થિતિથી ટેવાઈ જઈએ છીએ. કારણ કે બદલાતી સામાજિક સ્થિતિ કે આર્થિક નીતિને આપણે સ્વીકારી શકતા નથી. જે કામ આપણે દસ વીસ વર્ષ પહેલા કરતા હતા તે જ કામ આપણે આજે પણ કરીએ છીએ. દા.ત. રીક્ષા કે કાર ડ્રાઈવિંગ, કરિયાણાની દુકાન, રેસ્ટોરન્ટ, ટ્યુશન ક્લાસ, પ્રિન્ટીંગ લાઈન, પ્રકાશન, કન્સલટન્સી, નાની મોટી દુકાન, સેલ્સમેનશીપ, માર્કેટિંગ, અખબારી પત્રકારિત્વ, આવા અનેક નાના મોટા કામ, બિઝનેસ, નોકરી આપણે વર્ષોથી કરતા આવ્યા છીએ. જેથી આપણી આવક સ્થિર રહે છે અને મોંઘવારી વધતી રહે છે.

આજે જગત આર્થિક રીતે ખુબ જ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે ત્યારે આપણો દેશ પણ પોતાની આર્થિક નીતિ બદલીને નવા નવા આવિષ્કાર કરે છે. આજે જ્યારે વિશ્વનું ગ્લોબલાઈઝેશન થઈ રહ્યું છે ત્યારે આપણે હજીએ એ જ જુની પરંપરા, જુની માન્યતા, માનસિકતા લઈને જીવીએ છીએ. જેને કારણે બદલાતા વિશ્વની સાથે આપણે આપણી આર્થિક પરિસ્થિતિનો તાલ મેળવી શકતા નથી. અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા થાકી જઈએ છીએ. જેની અસર આખા પરિવાર પર પડે છે.

થોડી સીધી વાત સમજીએ તો આજે આવક્ના સાધનો, પદ્ધતિ અને સ્વરૂપ બદલાયા છે, પરંતુ આપણે હજીએ એ જ દુકાનો, એ જ નાની મોટી નોકરીઓ, મજુરીઓ અને હાર્ડવર્ક કરી રહ્યા છીએ. આ ૨૧મી સદી જ્ઞાનની સદી છે. ડિગ્રીની નહીં, ભલે ડિગ્રી જરુરી છે પણ ડિગ્રી તમને ડેટા આપી શકે, વિશાળ માહિતી આપી શકે, જ્ઞાન નહીં.. જો તમને કોઈ વિશેષ બાબતનું જ્ઞાન હોય તો એનો પ્રોફેશનલ ઉપયોગ કરીને કમાઈ શકાય છે. અગાઉના વર્ષોમાં કરિયાણાની દુકાનો ધમધમતી હતી. એક પરિવાર એક જ દુકાને પોતાનું ઉધારખાતું રાખીને જીવનજરૂરિયાતની બધી જ ચીજ વસ્તુઓ લઈને મહિનાને અંતે બીલ ચૂકવવામાં આવતું. પરંતુ આજે ? સાવ નજીકના જ વિતેલા સમયમાં એસ.ટી.ડી. પીસીઓની ધૂમ હતી. ગલી ગલીએ પીસીઓ ખૂલી ગયા હતા. પરંતુ આજે ? અગાઉ કોઈ બિઝનેશ કરવો હોય તો લાખો રૂપિયા અને હાર્ડવર્ક જોઈતું હતું પરંતુ આજે કોઈ બિઝનેશ કરવા માટે નથી લાખો કરોડો રૂપિયાની જરૂર કે નથી કોઈ હાર્ડવર્કની જરૂર. આજે સ્માર્ટ વર્કથી બધુ જ શક્ય બને છે. આજે એક ક્રિએટીવ વિચાર તમને અમીર બનાવી શકે છે. એમેઝોન, ફેસબૂક, ઉબેર, ઓલા, આના શ્રેષ્ઠ ઉદાહરણો છે. આજે ધંધાનું સ્વરૂપ બદલાયું છે અને હજી બદલાતું રહેશે. પણ આટલી ઝડપથી આપણે બદલાઈ શકતા નથી.

આ સંસારમાં એ જ વ્યક્તિ મહાન બને છે જે સમય સાથે પોતાને બદલી શકે છે, આગળ વધી શકે છે, જે સામાજિક પ્રવાહથી અલગ ચાલે છે. પોતાનો રસ્તો નવો બનાવે છે. આ નવા રસ્તામાં પણ મુશ્કેલીઓ તો આવવાની જ. પણ પોતાની જાત ઉપર અતૂટ વિશ્વાસ રાખીને આગળ વધવું જરુરી છે. આજનો યુગ સતત બદલાતો, નવી નવી પરિસ્થિતિઓનું સર્જન કરતો યુગ છે, બહું ઝડપથી વૈશ્વિક સ્થિતિ બદલાઈ રહી છે, સમાજની માનસિકતા બદલાઈ રહી છે. જે આજથી થોડા વર્ષો પહેલા કોઈએ સ્વપ્નમાં પણ વિચાર્યું નહોતું એવો "ઓન લાઈન " વ્યાપાર આજે ધૂમ મચાવી રહ્યો છે, ઓન લાઈન ખરીદીના રેકોર્ડ તૂટી રહ્યા છે, આવી કંપનીઓના માલિકો વિશ્વના ધનિકોની યાદીમાં સ્થાન પામી રહ્યા છે. એમેઝોનનો માલિક જૈફ બેઝોસ હોય કે અલીબાબા ડોટ કૉમનો માલિક જેક મા હોય... આ બન્ને એક સમયે સાવ સામાન્ય માણસો જ હતા, જેક માએ તો વળી છેક ૧૯૯૪માં જીવનમાં પહેલીવાર ઈન્ટરનેટ શબ્દ સાંભળ્યો અને ૧૯૯૫માં અમેરિકામાં આ ઈન્ટરનેટ જોયું. અને પોતાને સ્વદેશ આવી ઈન્ટરનેટને બિઝનેશનું માધ્યમ બનાવીને કંપની સ્થાપીને આજે વીસ બાવીસ વર્ષમાં દુનિયાના ધનિકોમાં સ્થાન પામે છે અને આપણે સરકારી અધિકારી હોવાથી, કોઈ કંપનીમાં સારી પોસ્ટ પર હોવાથી, કવિ, લેખક, કલાકાર કે પત્રકાર હોવાથી આપણી જાતને શ્રેષ્ઠ સમજીને એ જ રૂટિનમાં, એક જ હરોળમાં, એક જ પ્રવાહમાં જીવીએ છીએ. બસ એ જ પગાર, આવક, માનસિકતા અને રોજનીશીમાં આપણા ત્રીસ-ચાલીસ વર્ષો નીકળી જાય છે. પણ આપણે આપણા પરિવાર સિવાય કોઈનું ભલું કરી શકતા નથી. અને આખા જીવન દરમિયાન પરિસ્થિતિ સામે સતત સંઘર્ષ કરતા રહીએ પણ હું માનું છું કે ઈશ્વરે આપણને બધાયને એક જ સરખી શક્તિ અને બુદ્ધિ આપી છે. પણ આપણે મોટેભાગે વર્તમાન અને ભવિષ્યના સમયને ઓળખી શકતા નથી. કેમ કે આપણે હંમેશાં ભુતકાળના અનુભવોને ધ્યાનમાં રાખીને આગળ વધીએ છીએ, નોકરી કે ધંધો કરીએ છીએ. ભુતકાળમાં જો કોઈ એક બિઝનેશમાં રૂપિયા ડૂબ્યા હોય તો પછી એ બિઝનેશ માટે ફરી કદી વિચારતા જ નથી. પછી એમાં ગમે તેટલી સંભાવનાઓ હોય. આપણે એ ભૂલી જઈએ છીએ કે મોટી સફળતા મળતા પહેલા અનેક નિષ્ફળતાઓ આવતી જ હોય છે. જ્યારે રાઈટ બંધુઓ દ્વારા વિમાન બનાવવામાં આવ્યું ત્યારે પહેલા જ પ્રયત્ને તેઓ વિમાનમાં ઊડ્યા નહોતા. અનેક વખત એમાં નિષ્ફળતા મળી હતી. આમ છતાંય એ કામ પકડી રાખ્યું અને છેવટે વિમાન ઊડાડ્યું. આવા તો અનેક ઉદાહરણો મળે છે.

આપણે હંમેશાં એક કામમાં નિષ્ફળ જતા બીજું કામ શોધીએ છીએ. પણ જો કામ સારું છે. મોટું છે. તેમાં ભવિષ્ય બની શકે એમ છે. સારું કમાઈ શકાય એમ છે. સરકારના નિયમો અનુસારનું છે અને એ જ કામમાં અનેક લોકો સફળ બન્યા છે પણ જો આપણે નિષ્ફળ જઈએ છીએ તો આપણે આપણી જાતનું ચિંતન કરવું જોઈએ. આપણી નિષ્ફળતા વિશે મનોમંથન કરવું જોઈએ. નિષ્ફળ જવાના કારણો શોધી અને દૂર કરી ફરીથી એ જ કામ હાથ પર લઈને પૂરી તાકાતથી કરવામાં આવે તો અચૂક સફળતા મળે છે. ઘણીવખત કોઈ કામને સમજવામાં આપણી સમજણ ઓછી પડે છે, ટૂંકી પડે છે. ક્યારેક બીજાના અભિપ્રાયો ઉપર આપણે નિર્ણયો કરતા હોઈએ છીએ. આપણે બિમારી વખતે તો જે તે બિમારીના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર પાસે જઈને ઈલાજ કરાવીએ છીએ. પણ બિઝનેસ કરતી વખતે સલાહ ઘરના વડિલોની કા પત્નીની કા મિત્રોની લઈએ છીએ. હવે આપણે જે બિઝનેસ કરવા ઈચ્છીએ છીએ તે બિઝનેસ વિશે શક્ય છે તેઓ માંથી કોઈ કશું જ જાણતા નથી તો પછી તેઓ જે અભિપ્રાય આપશે તે કેવો આપશે ? એમના પૂર્વાનૂભવને ધ્યાનમાં રાખીને તેઓ પોતાનો અભિપ્રાય આપશે. જે મોટેભાગે નેગેટિવ હોય છે.

આ ૨૧મી સદી આર્થિક રીતે ખૂબ જ સમૃદ્ધ છે. આ સદીમાં ખુબ જ સુખ ને સમૃદ્ધિ હશે પણ જે લોકો પોતાને આ સદીને અનુરૂપ બનાવશે એ જ. જે લોકો પોતાનો જ દૃષ્ટિકોણ બદલી શકશે, પોતાના જુના વિચારો, આદર્શો, સંસ્કારોમાં પરિવર્તન કરી શકશે. નવી દુનિયાની સાથે દોડી શકશે. એ જ કંઈક બની શકશે. પહેલા તો લાખો રૂપિયા કમાવવા માટે કરોડો રૂપિયાનું રોકાણ કરવું પડતું હતું. જ્યારે આજે લાખો, કરોડો કે અબજો કમાવવા માટે કોઈ રૂપિયા રોકવાની જરૂર નથી. બસ માત્ર ક્રિએટિવ વિચાર, સાહસ, ધૈર્ય, અવિરત પરિશ્રમ, સકારાત્મકતા અને મોટા સપના .... બસ આટલું હોય તો તમે બની શકાય છે દુનિયાના અમીર માણસ અને બદલી શકો છો આખા પરિવારની આર્થિક સ્થિતિ. આ સદીમાં વિચારનું, કામનું, જ્ઞાનનું, શિક્ષણનું, સુખનું... સૌનું સ્વરૂપ બદલાયું છે. જેને આપણે સૌએ આજે નહીં તો કાલે સ્વીકારવું જ પડશે.

- 9426060601.india@gmail.com

# સ્વ તરફની યાત્રા


**પ્રસંગસર**
**ભાર્ગવી જોશી**

ક્ષમા

આધ્યાત્મિકની દૃષ્ટિએ 'ક્ષમા' નું મહત્ત્વ બહુ જ મોટા ફાયે છે. આપણે જયારે બીમાર થઈ જઈએ છીએ ત્યારે આપણે જ આપણા હૃદયને ઢંઢોળીને પૂછવું જ જોઈએ કે કોણ છે કે જેને આપણે હજુ ક્ષમા આપવાની બાકી છે. હંમેશા દરેક અસ્વસ્થતા ક્ષમા ન આપવાની વલણમાંથી ઉદ્ભવે છે. જયારે તમને કોઈ વ્યક્તિ ને ક્ષણા આપવાની મુશ્કેલી અનુભવાય તો તે વ્યક્તિને ભૂલી જવાનો પ્રયત્ન કરવો તે અત્યંત જરૂરી વાત છે. ક્ષમા આપશો એટલે ભૂલી ગયા કે જતું કરવા બરાબર કહેવાય.

અહીં કોઈની વર્તણૂંકને વખોડવા સાથે સંબંધ નથી. પણ આખેઆખી વાત ભૂલી જવા મટો કહી છે. એ પણ જાણવાની જરૂર નથી કે ક્ષમા કઈ રીતે આપીશું. આપણે તો ફક્ત હૈયેથી સ્મરણ કરીને ક્ષમા આપવાની તત્પરતા દાખવવાની છે. 'પછી સૃષ્ટિને કઈ રીતે ક્ષમા આપવી છે તેનો હવાલો તે સંભાળી લેશે.' કોઈ પણ દર્દને મટાડવાનો જવાબ 'પ્રેમ'માં રહેલો છે. અને પ્રેમ તરફ જવાનો માર્ગ 'ક્ષમા' જ બતાવે છે. તેથી જ ક્ષમા એ સર્વ વાતોનો ઉત્તર છે.

- પ્રેમ



જયારે આપણે આપણી જાતને જેવા છીએ તેવા સ્વરુપે સ્વીકારશું અને પ્રેમ કરીશું તો જીવનની તમામ મુશ્કેલીઓનો અંત આપણે આપણા દ્વારા જ લાવી શકીશું. તેમજ આપણને એવું ફિલિંગ થાય છે કે જાણે દરેક વાત કે કાર્યમાં ઠેર-ઠેર, નાના-નાના ચમત્કાર બનતા જાય છે... અને આ ચમત્કારની જે શક્તિ છે. તેના અનુભવથી આપણી તંદુરસ્તી સુધરે છે. તેમજ આપણે આપણામાં નવી સર્જનશક્તિ ખીલી રહી હોય તેનો પણ અનુભવ કરીશું. જયારે તમે તમારી જાતને ચાહો છો તેમજ સ્વીકાર કરો છો એટલે તમારામાં એક સલામતીની ભાવના પેદા થાય છે. જેથી આપણે આપણા મનમાં વિશ્વાસ, યોગ્યતા અને સ્વીકારની ભાવનાની વ્યવસ્થા ઊભી કરીએ છીએ. તેમજ આપણા જીવનમાં પ્રેમાળ સંબંધોનો પ્રવેશ થાય છે.

મારા મત મુજબ પોતાની જાતને પ્રેમ કરવાની જયારથી શરૂઆત થાય છે ત્યારથી વ્યક્તિ પોતાની કોઈ પણ વાત બાબતે કોઈ પણ જાતની ટીકા તો નહીં જ કરે. આપણી જાત તરફ બતાવેલી કોમળતા આપણને આવા નકારાત્મક વલણમાંથી બહાર લઈ આવે છે. તમારી જાતને જેવા છો તેવા સ્વીકાર કરો અને પછી જુઓ તમારા જીવનમાં શું બને છે.

સ્વ સંમતિ અને સ્વ સ્વીકાર આપણા જીવનમાં દરેક ક્ષેત્રે સકારાત્મક બદલાવ લાવવાનો મુખ્ય ભાગ ભજવે છે. આધ્યાત્મિકતાનો સંબંધ પોતાના આંતરિક જીવન સાથે પરોવાયેલો છે. જેના કારણે આપણે પોતાની જાતને પારખીશું, ઓળખીશું અને પોતાનું વ્યવહારોનું અવલોકન કરી શકીશું. તેમજ જે પોતાની અંદર ચાલતા આ અવલોકનથી આપણને શાશ્વત આનંદ અને શાંતિનો ભંડાર પ્રાપ્ત થયો હોય તેવું લાગે છે.

**- રેકી ગ્રાન્ડ માસ્ટર એન્ડ ટીચર**
**મો. ૯૫૩૭૬૪૬૪૨૯**